SAMVAD E-JOURNAL
ISSN (Online) :2583-8334
(International Peer-Reviewed Refereed Journal) Volume 3, Issue-5, Oct-Nov-Dec : 2025
*Published by Rangmati Publication, jamnagar* *https://www.rangmatipublication.com*

# પરોઢ થતાં પહેલાં' અને 'નિ:શેષ' નવલકથામાં આલેખાયેલો નારી સંઘર્ષ

*શેખ મોબીન બશીર અહમદ*

સાહિત્ય અને સમાજ એક સિક્કાની બે બાજુ છે. સાહિત્ય સમાજનું સીધું પ્રતિબિંબ ઝીલે છે. કોઈપણ સ્થળકાળની સાહિત્યકૃતિમાં સમાજની છબી ઝીલાતી હોય છે. ધર્મ, સંસ્કૃતિ અને સમાજ આ ત્રણેય પરિબળોએ નારીની સામાજિક છબિ નિર્ધારિત કરવામાં મહત્વનો ફાળો આપ્યો છે. પ્રાચીન સમયથી હંમેશા પુરુષોના નામે ઓળખાતી આવતી સ્ત્રીની સમાજશાસ્ત્રીય સ્થિતિમાં નારીવાદી આંદોલનો એ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. સ્ત્રીઓની આ બદલાયેલી સ્થિતિને ઝીલવા સાહિત્ય કેટલે અંશે સફળ રહ્યું છે તેની અહીં ગુજરાતી સાહિત્યના બે પ્રસિદ્ધ લેખિકાઓ કુંદનિકા કાપડિયા અને સરોજ પાઠકની નવલકથાના આધારે વાત રજૂ કરવી છે. સાહિત્યમાં સ્ત્રીનું સ્થાન અને તેમના સંઘર્ષો આ બે લેખિકાએ રજૂ કર્યા છે તેની વાત રજૂ કરતા પહેલા તેમના જીવન- કવનની થોડી માહિતી જોઈ લઈએ.

ગુજરાતી સાહિત્યના પ્રસિદ્ધ વાર્તાકાર, નવલકથાકાર, નિબંધકાર તેમજ અનુવાદક એવા કુન્દનિકા કાપડિયા નો જન્મ ૧૧મી જાન્યુઆરી ૧૯૨૭ ના રોજ સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી ગામે નરોત્તમદાસ કાપડિયાને ત્યાં થયો હતો. અભ્યાસે તેઓ સ્નાતક અનુસ્નાતક ની ઉપાધિ ધરાવે છે. તેમજ તેમના લગ્ન ગુજરાતી સાહિત્યના પ્રસિદ્ધ લેખક મકરંદ દવે સાથે થયા તેમણે મકરંદ દવે સાથે મળીને ધરમપુરના વલસાડ પાસે નંદીગ્રામ આશ્રમ ની સ્થાપના કરી છે. તેઓ બે વર્ષ સુધી 'યાત્રિક' સામાયિક અને અને ૧૯૬૨થી ૧૯૮૦ સુધી 'નવનીત' સામાયિકના સંપાદક રહ્યા હતા. ૧૯મી એપ્રિલ ૨૦૨૦ ના રોજ નંદીગ્રામ આશ્રમમાં તેમનું અવસાન થયું.

ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે તેમણે ખૂબ પ્રસિધ્ધિ મેળવી છે સાહિત્યના અનેક સ્વરૂપોમાં કલમ ચલાવી સાહિત્યને સમૃદ્ધ કરવામાં ફાળો આપ્યો છે. તેમણે નારીજીવનની અનેક સમસ્યાઓ અને એ સમસ્યાઓથી પીડાતી સમાજની અનેક સ્ત્રીઓને પ્રભાવિત કરી સાહિત્ય સર્જન કર્યું છે. તેમની પાસેથી કુલ પાંચ વાર્તાસંગ્રહો, ત્રણ નવલકથાઓ, બે નિબંધસંગ્રહો તેમજ છ જેટલા અનુવાદો મળે છે. આ અલગ અલગ સ્વરૂપોમાં તેમણે ખૂબ અનોખી અને કલાત્મકતાથી કલમ ચલાવી છે. તેમની નવલકથા 'પરોઢ થતાં પહેલાં'માં નારી જીવનના સંઘર્ષો કઈ રીતે નિરૂપણ પામ્યા છે તેની અહીં વાત કરીએ.

૧૯૬૮ માં પ્રગટ થયેલી નવલકથા 'પરોઢ થતાં પહેલાં' કુલ 24 પ્રકરણ અને ૨૦૬ પૃષ્ઠમાં રચાયેલી કથા છે. આ નવલકથા નારીની એકલતાની, તેના વિરહ અને વેદનાની કથા છે. સાથે સાથે માનવજીવનથી અનિવાર્યપણે જોડાયેલા દુ:ખની માર્મિક ઘટનાઓ પણ આ નવલકથાનું આકર્ષક કેન્દ્ર છે. નવલકથામાં સ્ત્રી માનસની સવિશેષ પરખ માટે વિરહ અને એકલતાને રૂંધી નાખતો કરુણ અનુભવ લેખિકાએ આ નવલકથામાં રજૂ કર્યો છે. આ દુનિયામાં 'કોઈ કોઈનું જ નથી' એ વાત અહીં લેખિકાએ રજૂ કરી છે.

નવલકથાની નાયિકા સુનંદા તેની વિરહભરી જિંદગીમાં ૧૦વર્ષે એક અજાણ્યાં ગામમાં સરકારી દવાખાનામાં ડોક્ટર તરીકેની ફરજ બજાવવા જાય છે. તેના લગ્ન જીવનના એક વર્ષ બાદ જ તેનો પતિ દેવદાસ તેને કોઈપણ કારણ વગર છોડીને ચાલ્યો જાય છે. પણ તે તેની યાદોને ૧૦ વર્ષ પછી પણ છોડી શકતી નથી. વિરહના આ ઘા તેના હૃદયને કોતરે છે. અતીતના આ બોઝીલા સ્મરણો અને વર્તમાનની અર્ધી ગુજરી ગયેલી જિંદગી જીવતી કથાનાયિકા સુનંદાની નિરાશા, વિરહ-વેદના, અહીં વ્યથાપૂર્ણ છે. સામાજિક વાસ્તવની વાત રજૂ કરતી સુનંદાની કથા અહીં નિરૂપણ પામી છે.

**મકરંદ દવે** નવલકથા ની પ્રસ્તાવનામાં લખે છે કે **"સુનંદા જેવી એક અત્યંત સંવેદનશીલ અને સઘન વ્યથાથી પીડિત વ્યક્તિ પાસેથી આપણે દુ:ખના પરિવર્તનની ઝાંખી પામીએ છીએ."**

સુનંદાના જીવનમાં વિરહભર્યું આવરણ છોડી ગયેલો દેવદાસ તેના જીવનને દુ:ખથી ભરી દે છે. છતાં તેની અંદર રહેલી વેદનાને બાજુ પર મૂકી તે ગામ લોકો સાથે તેમના દુ:ખ-દર્દની ભાગીદાર બની મદદરૂપ બને છે. જે જીવનની આંતરિક અને બાહ્ય સંઘર્ષમય પરિસ્થિતિનો સામનો કરે

છે જેનું મન સમસ્યાઓથી અગોચર બનેલું છે. તે સુનંદા અજાણ્યા ગામમાં ડોક્ટરની સેવા બજાવી લોકોના દુ:ખની તારણહારી બને છે. તે લોકોના દુ:ખ દૂર કરે છે.

સ્ત્રી જીવનના સત્યને રજુ કરવાના ધ્યેય સાથે સ્ત્રીનું અસ્તિત્વ અને તેની અસ્મિતા વચ્ચેના સંઘર્ષની આ કથા રજુ કરી સ્ત્રીના જીવન સત્ય સુધી પહોંચાડવાનો લેખિકનો ઉપક્રમ છે. આથી જ મનમાં રહેલી આટઆટલી પીડાઓને દબાવતી સુનંદા ગામના લોકોને મદદરૂપ થઈ પોતાના દુ:ખ, દર્દ ભૂલીને પોતાના નિરર્થક જીવનને સાર્થક બનાવવાની માથામણ કરે છે. અને તેની ફરજ બજાવે છે.

દેવદાસ જેવા અલ્લડ યુવાન તરફથી વિના કારણે તરછોડાયેલી સુનંદાની અથવા એક સ્ત્રીની કેવી મનોદશા થાય છે. તે સંઘર્ષને લેખિકાએ અહીં રજૂ કર્યો છે. તથા આ નાવલકથાની અન્ય સ્ત્રીઓ(પાત્રો) જેમ કે શોભા, લતા, અમીના, ફાતિમા, ઈલા તેમના જીવનમાં કેવી વ્યથાઓ ભોગવે છે તેની વાત લેખિકાએ અહીં રજૂ કરી છે. આ નાનકડા પુરુષ પ્રધાન ગામમાં સમાજની સ્ત્રીઓની દદશા કેવી છે તેનું નિરૂપણ આ નવલકથામાં થયું છે.

એક માતાના દુ:ખને રજુ કરતું અમીનાનું પાત્ર અહીં લેખિકાએ રજૂ કર્યું છે. તેના જીવનમાં સૌથી મોટું દુ:ખ એ છે કે તેના ત્રણ બાળકો અકાળે મૃત્યુ પામ્યા છે. અને આ ત્રણ બાળકોના અકાળે અવસાન પછી જન્મેલા બાળક(રફીક)ને અમીના એ જીવની જેમ સાચવ્યો છે તે હંમેશા એ વાતથી ચિંતિત રહે છે કે તેના આગલા બાળકોની જેમ રફીક પણ એનાથી દૂર ન થઇ જાય. તે બાબતે સતત ચિંતિત રહેતી અમીના તેના માટે દુઆ કરતી રહે છે કે આ વર્ષ હેમ-ખેમ વિતી જાય. અને બને પણ એવું જ છે કે અમીનાની એ દુઆ કુબૂલ થતી જણાય છે અને તે આનંદિત થઈ જાય છે. પરંતુ અચાનક આવી પડેલા હુલ્લડમાં રફીકનું મોત થાય છે. અહીં માતા પર ઈશ્વરે કેવો કાળમો પ્રહાર કર્યો છે તેનું વર્ણન રજૂ થયું છે. જે માં પોતાના ચોથા બાળકને ઉછેળવા પોતાની જાત ઘસી નાંખે છે, કેટલીય વિપદા સહન કરે છે, કોઈ પણ જીવંત ઉમ્મીદે બાળક માટે દુઆ કરતી રહેતી માં પર વિધાતા તેની સાથે કંઈક જુદું જ કરે છે. એક માતા પાસેથી તેના આ બાળકને પણ છીનવી લે તે માતાના દુ:ખની કલ્પના કરવી પણ મુશ્કેલ બને છે. અહીં લેખિકાએ સુનંદાના દુખની સાથે અમીનાના દુ:ખની વાત મૂકી સમાજમાં સ્ત્રીઓ કઈ કઈ બાબતે દુ:ખ સહન કરે છે તેની વાત મૂકી છે.

આ ઉપરાંત આ નવલકથામાં પૈસાના પૂજારી દીપચંદની પત્ની લલિતા તેના પતિના અત્યાચારો કેટલી હદ સુધી સહન કરે, તેની શંકાઓથી તેના ચારિત્ર્યને આવતી બદનામી સહન કરી તેના દુ:ખ દર્દને સહન કરી એક નિ:સહાય સ્ત્રીનું જીવન જીવે છે. તે સ્ત્રીનું દુ:ખ અસહ્ય છે તેનું અહીં આલેખન કરવામાં આવ્યું છે. જેને દુ:ખો સાથે ઘાઢ સબંધ છે જેના જીવનનો રથ વેદના ના રસ્તાઓ પરથી રોજ પસાર થાય તેવી સુનંદાનું હૃદય પણ લલિતાના દુ:ખ સાંભરીને દ્રવિત થઇ જાય છે. નવલકથામાં તમામ પાત્રો દુ:ખ સાથે ઝઝુમતા રહે છે. દુ:ખની આંધીમાં અટવાતાં જીવાતાં આ પાત્રોનું એક અનોખું વિશ્વ છે. આ વિવિધ પાત્રો નાયિકા સુનંદાના ચેતોવિસ્તારને વિસ્તારવાનું કામ કરે છે. પોતાના દુ:ખને ભૂલી બીજાના દુ:ખમાં ભળવાની તાકાત તે અહીંથી મેળવે છે.

સુનંદાના જીવનમાં એકલતાને જે અંકાર વ્યાપી ગયો છે તે તેના અંત નું પરોઢ થતાં પહેલા જ ફરીથી એકલતાની અંધકારમય રાત્રી તેના જીવનને ઘેરી લે છે. નારીના જીવનની વેદના નો અંત અજવાસ સુધી આવતા-આવતા અંધકારની ઊંડી ખીણમાં તે ધકેલાય જાય છે. અહીં લેખિકાએ નાયિકાના દુ:ખની વાત તો કરી જ છે સાથે સાથે તેણે નવલકથાના અન્ય સ્ત્રી પાત્રોની વ્યથાને રજૂ કરી સ્ત્રીઓ ત્રાસદાયક જીવનમાં પણ કેવા મક્કમ મને તેમનું જીવન જીવે છે તે અહીં રજૂ થયું છે.

'પરોઢ થતાં પહેલાં' નવલકથામાં પ્રગટ થયેલા નારી સંઘર્ષોની વાત કર્યા બાદ સરોજપાઠક કૃત 'નિ:શેષ' નવલકથામાં સ્ત્રીના સંઘર્ષોની વાત કરતા પહેલા સરોજ પાઠકનો ટૂંક પરિચય મેળવી તેમની 'નિ:શેષ' નવલકથામાં નિરુપિત નારી સંઘર્ષની વાત કરીએ.

ગુજરાતી સાહિત્યના લોકપ્રિય વાર્તાકાર, નવલકથાકાર, અનુવાદક, વિવેચક એવા સરોજ પાઠક નો જન્મ કચ્છ જિલ્લાના ઝખઉંમાં થયો હતો. તેમણે સ્નાતક અને અનુસ્નાતકની ડિગ્રીઓ મેળવી છે. તેમજ સુરતમાં હરિપુરા સ્કૂલમાં શિક્ષિકા અને બારડોલી કોલેજમાં અધ્યાપક તરીકે ફરજ બજાવી છે. તેમની પાસેથી મુખ્યત્વે નવ વાર્તાસંગ્રહો, આઠ નવલકથાઓ, બે નિબંધ સંગ્રહો મળે છે. ગુજરાતી સાહિત્યમાં વિવિધ સ્વરૂપોમાં કલમ ચલાવી હોવા છતાં તેમણે સાહિત્યમાં વાર્તાકાર તરીકે ખૂબ પ્રસિદ્ધિ મેળવી છે. આજે તેમની નવલકથા 'નિ:શેષ' માં તેમણે નારીનો મનોસંઘર્ષ કઈ રીતે રજૂ કર્યો છે તેની અહીં વાત કરવા જઈ રહ્યો છું.

૧૯૭૮માં પ્રગટ થયેલી 'નિ:શેષ' નવલકથા બુદ્ધિ અને હૃદય વચ્ચેના સંઘર્ષની વાત લઈને આવતી નાયિકાપ્રધાન નવલકથા છે. આત્મકથાનાત્મક શૈલીમાં રજૂ થયેલી આ નવલકથા નારીના પ્રણયવૈફલ્યની અને એનાથી વધારે દુ:સહ બનેલા જીવનની કથા છે. નાયકાના

ભૂતકાલીન સ્મરણોની તેના જ મુખે કહેવાયેલી કથની દ્વારા નવલકથાનો આરંભ થાય છે. તો નાયિકાના મૃત્યુની ઘટના અને તેના પ્રેમીની એકોક્તિ નવલકથાનો અંત છે.

નવલકથાના આરંભે નાયિકાના ભૂતકાલીન સ્મરણો દ્વારા અતીતનું સૂચન તો મધ્ય ભાગમાં પૂર્વાશ્રમની શારદા અને આસવનો પ્રેમ તથા પ્રેમભંગ વાચક સમક્ષ રજૂ થાય છે. નાયિકાની અતિતને ભૂલવાની મથામણ, લગ્નજીવન અને બે પુત્ર વચ્ચે વહેંચાતું તેનું 'સ્વ' તેની પ્રોઢાવસ્થા તરફની ગતિ તેના મૃત્યુ સુધી વિસ્તરે છે. અને એ જ રીતે મુક્તપ્રેયસી નાયિકા, પકવ પત્ની અને પ્રોઢમાં તરીકેના નાયિકાના જીવનના વિવિધ તબક્કાઓ, સમયખંડોના નિરૂપણમાં નવલકથાનું વસ્તુ પણ અંત તરફ ગતિ સાધે છે

નાયિકા શારદાના જીવનમાં તેના પ્રેમી આસવ સાથેનો વિચ્છેદ/અપ્રાપ્તિ ની વેદના સિવાય કશું જ બચ્યું નથી. તેના જીવાતા જીવન અને વ્યવહાર વડે તેના જીવનની નિઃસારતા અને નિરર્થકતાનો અનુભવ વાચકને થયા વિના રહેતો નથી. પ્રણયભંગ બાદ શારદામાંથી શાશ્વતી(પ્રેમીએ આપેલું નામ) બનેલી નાયિકા વિવશતાથી શ્યામસુંદર ને પરણે છે ત્યારે ફરી વાર નામ બદલવા સાથે પોતાનું અસ્તિત્વ ગુમાવે છે. ડોલી બની શ્રીમંત પુરુષનાના જીવનમાં ગોઠવાયેલી નાયિકા જાતને એક કરવાના પ્રયાસો આદરે છે.

ધનવાન માતા-પિતાની એકની એક દીકરી શારદા યુવાન વયે આસવ નામના યુવાનના પ્રેમમાં પડે છે. મુગ્ધ શારદા સમર્પિત ભાવે આસવને ચાહે છે. આસવને તે અસીમ પ્રેમ માને છે. જે હંમેશા રહેવાનો છે. પ્રેમી આસવ તેને શાસ્વતી નામ આપે છે. અહીંથી જ શારદાના સ્વ પરિવર્તનને સ્વને ગુમાવવાની વ્યંજના જન્મે છે. આસવ કાયર અને લઘુતાગ્રંથી પીડાતો, મૂંઝાતો પામર કક્ષાનો યુવાન છે. શારદાના પિતા પ્રત્યેની વેરભાવનાને કારણે ફક્ત બદલો લેવાના કારણે શારદાને હાથો બનાવીને ઉપયોગ કરે છે. વૈરાગ્નિમાં બળતો આસવ શારદાને બાપનું ઘર છોડાવ્યા પછી ફરી પાછી બાપને ઘરે મોકલી તેને અપમાનિત કરે છે તે આટલેથી જ અટકતો નથી પરંતુ તે શારદા ને સોગંદ આપી તેની કાયમ માટે રાહ જોવા વિનવે છે. અને તે ચંદા નામની સ્ત્રી સાથે લગ્ન કરી લે છે. સાત સાત વર્ષ સુધી આસવની રાહ જોતી શારદા એક દિવસ આસવને મળવા તેના ગામ જાય છે. ત્યાં પણ તેણે અપમાનિત અને તિરસ્કૃત થવું પડે છે. ત્યાં શારદા (શાશ્વતી)ને આસવની પ્રેમિકાને શારદા ત્યજે છે. અને બેવફાપ્રેમીને એ ક્યારેય માફી ન આપે અને તે આ ઘટનાથી ક્યારેય ન પીડાય તેવા નિર્ણયથી શ્યામસુંદર સાથે લગ્ન કરે છે.

આસવની અમર્યાદ નબળાઈઓ સાથે તેને ખૂબ ઊંડાણથી ચાહ્યો છે. તેથી જ તે લગ્નજીવને સુખી હોવા છતાં આસવને ભુલાવી શકતી નથી. અને એક 'નોટપેડ પત્ર' જે અસવ નાયિકાને લખે છે જેમાં તે 'હું રવિવારે આવું છું' ના સમાચાર આપે છે. ત્યારે નાયિકા ને ફરી પાછો અતિત યાદ આવે છે. તેણે કરેલો પ્રેમ, એ પ્રેમમાં કરેલા વાયદાઓ, એ વાયદાઓનો ત્યાગ, તેને સાથે કરેલો ઢોંગ તેમજ પ્રેમમાં તેની કરેલી અવહેલના વગેરે... આ સમગ્ર દ્રશ્ય શારદા પાસે ખુલી જાય છે.

આસવના આવવાના સમાચાર સાંભળી શરૂઆતમાં તો તે પોતાને થયેલો ખરાબ અનુભવ તે વર્તમાનમાં તેને ભુલાવીને કેવું જીવન જીવે છે, તેની સુખ સમૃદ્ધિ વગેરે બતાવીને આસવને ચમકાવી દેશે તેવા વિચારવા કરતી શારદા જેમ જેમ દિવસો નજીક આવતા જાય છે તેમ તેમ તેના અનુભવોને વાગોળતી જાય છે અને પોતાને થયેલા અપમાનને તે આ સુખ સમૃદ્ધિઓ દ્વારા વાળશે તેવું નક્કી કરતી જાય છે. અંતે જ્યારે સમય નજીક હોય ત્યારે તેની બધી ઘ્રુણા ઓગળી જાય છે અને બાકી રહે છે તેનો નિતાંત નિર્મળ પ્રેમ, આસવ અને તેની મિત્રતા, અને (આસવની બેવફાઈ જેવી નબળાઈઓ બાદ કરતા); સરસ્વતીને પરવાળ ચાહે છે તે સંસ્કારી છે. પોતાની માનવ સહજ નબળાઈઓને વશવર્તી વૈરાગ્નિથી બળતો આસવ જીવનના ઉત્તરાર્ધમાં ધૈર્યવાન, હિંમતવાન, જવાબદાર બને છે. તેથી મોડો મોડોય અંતે એ જીવનસંધ્યાએ આસવ પોતાની પ્રેમિકાનું અપહરણ કરવા તત્પર બને છે. જે કામ તે યુવાવસ્થામાં નથી કરી શક્યો તે કામ પ્રોઢાવસ્થામાં કરવા માંગે છે. આ નવલકથાનો નાટ્યાત્મકત્મક વળાંક છે. તે નવલકથા અને તેના પાત્રની નવી જ બાજુ ઊઘાડી આપે છે.

આમ, જીવાતા જીવન દરમિયાન શારદા માંથી શાશ્વતી અને શાશ્વતી માંથી ડોલી બની વારંવાર જાતને 'સ્વ'ને મારતી નાયિકા નિષ્ફળ પ્રેમથી આકારિત થયા પછી જાતે-કાજે બાકી બચી નથી. એ અર્થમાં યૌવનમાં તેનું અસ્તિત્વ 'નિ:શેષ' છે. પરંતુ જીવનની અંતિમ પળે આજીવન ઇચ્છિત પ્રેમની અનુભૂતિ પ્રેમ પાછા મળતા હવે કોઈ ઈચ્છા શેષ બચી નથી. એ રીતે અંતે મૃત્યુ દ્વારા તેની તમામ ઈચ્છા શમી જવાથી ઈચ્છાઓ પણ 'નિ:શેષ' રહે છે. આમ **અપ્રાપ્તિ દ્વારા જીવન નિ:શેષ રહેવાની અને પ્રાપ્તિ દ્વારા ઈચ્છા નિ:શેષ રહેવાની આ કથા છે.**

આ બંને નવલકથાઓની કથાવસ્તુનો અભ્યાસ કરતા આપણને જણાય છે કે કુંદનિકા કાપડિયા કૃત 'પરોઢ થતાં પહેલાં'ની નાયિકા સુનંદા અને સરોજ પાઠકની 'નિ:શેષ' નવલકથાની નાયિકા શારદા બંનેનો મનોસંઘર્ષ આમ જુદો છે. પરંતુ એમની વેદના એક જ છે. સુનંદાને લગ્નજીવનના એક વર્ષ બાદ દેવદાસ વિના કારણે ત્યજે છે અને તેનું સમગ્ર જીવન બગાડે છે. જ્યારે શારદા જેને પ્રેમ કરે છે જેના સારું પોતાનું

ઘર છોડીને ભાગી જાય છે તે આસવ શારદાને આઠ-આઠ વર્ષ સુધી લગ્ન વિના રાહ જોવડાવે છે અને બીજી સ્ત્રીને પરણી જાય છે. આ બંને ઘટનાઓમાં સ્ત્રીપાત્રને લેખિકાએ ખૂબ હિંમતવાન બતાવ્યા છે. બંનેના જીવનમાં દુઃખ છે. પરંતુ તેઓ તેનો સામનો કરે છે. સુનંદા પોતાનો વ્યવસાય સ્વીકારે છે જયારે શારદા શ્યામસુંદર સાથે લગ્ન કરી સુખી જીવન જીવે છે. હા, બંને નાયિકાઓ પોતાના આંતર જગતમાં તેમની સાથે થયેલા અન્યાય, તિરસ્કાર અને અપમાનને વાગોળતી રહે છે. તથા બીજાને મદદરૂપ થઈને અથવા પોતાના સંસારમાં વ્યસ્ત રહીને તેને ભૂલવવાનો પ્રયાસ કરતી આ નાયિકાઓનો મનોસંઘર્ષ અહીં બંને સર્જકોએ રજૂ કર્યો છે તેમાં બંને સર્જકો સફળ રહ્યા છે. આ નવલકથાઓ ઉપરથી આપણે એવું માની શકીએ કે જીવનમાં પરિસ્થિતિ કઈ પણ હોય પરંતુ તેનો ભોગ હંમેશા સ્ત્રીએ બનવું પડ્યું છે. તેનો પુરાવો આ બે નવલકથામાંથી મળે છે.

સંદર્ભ સુચિ

૧. કાપડિયા કુન્દનિકા, 'પરોઢ થતાં પહેલા' નવભારત સાહિત્ય મંદિર,પુનઃ મુદ્રણ ૨૦૨૪.

૨. પાઠક સરોજ, 'નિઃશેષ', કુમકુમ પ્રકાશન અમદાવાદ,પ્ર.આવૃત્તિ ૧૯૭૮.

3. ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ગ્રંથ–૭, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ.